# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી - ૨૦૨૬ મુખ્ય પરીક્ષાના પરીણામનું જાહેરનામું"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/AEIAT/૨૦૨૬/ ૧૦૫૬-૧૧૧૧ તા:30/07/૨૦૨૬

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૪/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:DPE/MKM/e-file/105/2025/2596 થી મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની પરીક્ષાનું આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને જણાવવામાં આવેલ છે. આ પરીક્ષા માટે લાયકાત, અનુભવ, ઉંમર વગેરે બાબતો શિક્ષણ વિભાગના તા:૦૪/૦૪/૨૦૨૫ ના જાહેરનામા No.K/SH/24/2025/ED/MIS/e-file/3/2022/0013/CH અને તા.૨૧/૦૧/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૦૨/પીઆરઇ/૧૧૨૦૧૨/એસએફ-૫/કે ના ભરતી નિયમો મુજબ રાખવામાં આવેલ છે.

મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની પરીક્ષા 2026 પરીક્ષા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની મુખ્ય પરીક્ષા ૧૩૩૨ ઉમેદવારો માટે તા:૧૩/૦૬/૨૦૨૬ (શનિવાર) ના રોજ પેપર-૧ (Descriptive Type) બપોરે ૧૨:૦૦ થી ૧૫:૦૦ અને પેપર-૨ (Multiple Choice Questions) બપોરે ૧૭:૦૦ થી ૧૮:૦૦ કલાક દરમિયાન ગાંધીનગરના કુલ ૭ પરીક્ષા કેન્દ્રો પર મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની મુખ્ય પરીક્ષા 2026 નું આયોજન કરવામાં આવેલ હતું.

પેપર-૨ (Multiple Choice Questions) પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૧૮/૦૬/૨૦૨૬ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને સદર પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો ઈ-મેઈલ મારફત તા.૧૮/૦૬/૨૦૨૬ થી તા.૨૪/૦૬/૨૦૨૬ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે અત્રેનીના કચેરીના ઇ-મેઇલ એડ્રેસ (sebg.query@gmail.com) પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી. આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા.૧૮/૦૭/૨૦૨૬ અને અપડેટેડ આન્સર કી તા.30/07/૨૦૨૬ ના રોજ કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.30/07/૨૦૨૬ (ગુરુવાર) ના રોજ "મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬" મુખ્ય પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવે છે.

❖ <u>પરીણામની વિગતો:</u>

| Register | Absent | Present |
|---|---|---|
| 1342 | 407 | 935 |

| Details of Marks (out of 200) | Candidates |
|---|---|
| 70 And More | 894 |
| 80 And More | 807 |
| 90 And More | 670 |
| 100 And More | 459 |
| 110 And More | 251 |
| 120 And More | 104 |
| 130 And More | 29 |
| 140 And More | 7 |
| 150 And More | 0 |

❖ <u>અગત્યની સૂચનાઓ:</u>

- મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં જનરલ કેટેગરી માટે ઓછામાં ઓછા ૪૦% (80 ગુણ) અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને શારિરીક અપંગતા (Physically Handicap) ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં ઓછામાં ઓછા ૩૫% (70 ગુણ) (Minimum Qualifying Standard) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- જે ઉમેદવાર પેપર-૧ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે તા:૩૧/૦૭/૨૦૨૬ થી તા:૦૪/૦૮/૨૦૨૬ કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે ફોર્મ અને ફી (રૂપિયા ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે) સાથેની અરજી કરવાની રહેશે. (ગુણ ચકાસણીનાં ફોર્મનો નમુનો આ સાથે સામેલ છે) જે ઉમેદવાર ગુણ ચકાસણી માટેની ફી ભરશે નહી તે ઉમેદવારની ગુણ ચકાસણી કરવામાં આવશે નહી.
- જે ઉમેદવાર પેપર-૨ OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૩૧/૦૭/૨૦૨૬ થી તા:૦૪/૦૮/૨૦૨૬ દરમ્યાન કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુન:ચકાસણી કરાવી શકશે. આ માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. (લેખિત અરજી માટેનો નમૂનો આ સાથે સામેલ છે.) આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂપિયા ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે
- તા:૦૪/૦૮/૨૦૨૬ બાદ ગુણ ચકાસણી કે પુન:ચકાસણી માટેની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

- નોંધ: વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, કેટેગરી, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપેલ. તેથી પરીક્ષા આપી પાસ થવાથી ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. આ અંગે ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.
- નોંધ: રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરિણામની વિગતો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને મોકલી આપવામાં આવશે. આગળની કાર્યવાહી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા કરવામાં આવાશે. જેમાં ઉમેદવારે સદર પરીક્ષાની પ્રાથમિક પરીક્ષામાં જે કેટેગરી અંતર્ગતનો લાભ લઈને મુખ્ય પરીક્ષા માટે કવોલિફાય થયા છે તે કેટેગરી સહની પરિણામની વિગત મોકલી આપવામાં આવશે. ભરતી સમયે ભરતી પસંદગી સમિતિ તે મુંજબની કેટેગરી ધ્યાને લેશે. જે બાબતે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય આખરી રહેશે.

સ્થળ: ગાંધીનગર
તા.૩૦/૦૭/૨૦૨૬

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ સારૂ:</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

## પેપર-૧ (Descriptive Type)

બેઠક નંબર:-.......................................

ઉમેદવારનું નામ:-...............................................

પરીક્ષાનો જિલ્લો:-............................................

પરીક્ષા કેન્દ્રનું નામ :-........................................

બ્લોક નંબર:-...................................................

મોબાઈલ નં.:-...................................................

પ્રતિ,

સચિવશ્રી,

રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય સામે,

સેક્ટર-૨૧, ગાંધીનગર

વિષય:- મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬ મુખ્ય પરીક્ષાની પેપર-૧ રિચેકીગ કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૩/૦૬/૨૦૨૬ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ....... ગુણ મળેલ છે.

આથી રાજય પરીક્ષા બોર્ડ તા:૩૦/૦૭/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/AEIAT/૨૦૨૬/ માં સૂચવ્યા મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬ મુખ્ય પરીક્ષાની પેપર-૧ રિચેકીગ કરાવવા મે તા.................. ના રોજ પહોંચનં. ........................થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬ મુખ્ય પરીક્ષાની પેપર-૧ રિચેકીગ કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

................................

(ઉમેદવારની સહી.)

બિડાણ ૧.હોલટીકીટ ની નકલ

<u>પેપર-૨ (Multiple Choice Questions)</u>

ઉમેદવારનું નામ:-............................................ બેઠક નંબર:-......................................

પરીક્ષાનો જિલ્લો:-.......................................... પ્રશ્ન પુસ્તિકા નંબર:-..........................

પરીક્ષા કેન્દ્રનું નામ :-...................................... પ્રશ્ન પુસ્તિકા કેટેગરી(A, B, C, D, E):-...........

બ્લોક નંબર:-..................................................

મોબાઈલ નં.:-................................................

પ્રતિ,
સચિવશ્રી,
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

વિષય:- મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬ મુખ્ય પરીક્ષાની પેપર-૨ OMR Sheetની પુન:ચકાસણી કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૩/૦૬/૨૦૨૬ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ....... ગુણ મળેલ છે.

રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheetની ચકાસણી કરતા મને......ગુણ મળવાપત્ર થાય છે.

આથી રાજય પરીક્ષા બોર્ડ તા:૩૦/૦૭/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/AEIAT/૨૦૨૬/ માં સૂચવ્યા મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬ મુખ્ય પરીક્ષાની પેપર-૨ OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા મે તા.................. ના રોજ પહોંચનં. .......................થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬ મુખ્ય પરીક્ષાની પેપર-૨ OMR Sheet ની પુનઃચકાસણી કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

...............................

(ઉમેદવારની સહી.)

બિડાણ ૧.હોલટીકીટ ની નકલ
૨.OMR Sheetની નકલ

- **OMR Sheet** ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ:(નીચેની વિગત બોર્ડ ખાતે રૂબરૂ પુનઃચકાસણી બાદ ભરવાની રહેશે.)

..................................................................................................................................

તા:-............................ ઉમેદવારની સહી...............................

સ્થળ:- ગાંધીનગર.